## અરજી સાથે રજૂ કરવાના આધાર પુરાવા

* દિકરીનું જન્મનું પ્રમાણપત્ર
* માતા-પિતાના આધારકાર્ડ
* માતાના જન્મનું પ્રમાણપત્ર
* માતાપિતાની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર (મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવેલ)
* કુટુંબમાં જન્મેલા અને હયાત બાળકોના જન્મના દાખલા
* સંતતિ નિયમનનું પ્રમાણપત્ર (બીજુ સંતાન હોય ત્યારે)
* નિયત નમુનાનું સક્ષમ અધિકારી સમક્ષ કરેલ દંપતિનું સોગંદનામુ



## વધુ માહિતી અને માર્ગદર્શન માટે સંપર્ક કરો.

**ગ્રામ સ્તરે :-**

* આંગણવાડી કેન્દ્ર / ગ્રામ પંચાયત

**તાલુકા સ્તરે :-**

* જે તે તાલુકાની "સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી (ICDS)" ની કચેરી

**જિલ્લા સ્તરે :-**

* મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી

સરનામું :- જૂની મામલતદાર કચેરી કંપાઉન્ડ, કોર્ટ કેમ્પસ, બસ સ્ટેશનની પાછળ, લુણાવાડા, મહિસાગર

**નોંધ :-**

* ૧૮ વર્ષની વય અગાઉ દિકરીના મૃત્યુના કિસ્સામાં "વ્હાલી દિકરી યોજના" અંતર્ગત બાકીની સહાય મળવાપાત્ર રહેશે નહીં.



મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી
(મહિલાવીંગ)
બ્લોક નં -૨૦,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

# "વ્હાલી દિકરી યોજના"



મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી,
મહિસાગર (લુણાવાડા)
જૂની મામલતદાર કચેરી કંપાઉન્ડ,
કોર્ટ કેમ્પસ, બસ સ્ટેશનની પાછળ,
લુણાવાડા, મહિસાગર

www.wcd.gujarat.gov.in

## યોજનાનો ઉદ્દેશ

- દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવું.
- દિકરીઓનો શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવો.
- દિકરીઓ / સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશકિતકરણ કરવું.
- બાળલગ્ન અટકાવવા.

## વ્હાલી દિકરી યોજનાનું અરજીપત્રક કયાંથી મેળવવું

- ‘વ્હાલી દિકરી યોજના’ નું અરજીપત્રક આંગણવાડી કેન્દ્ર/ગ્રામ પંચાયત/ સીડીપીઓ (ICDS) કચેરી/જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી ખાતેથી વિના મૂલ્યે મળશે.

## અરજી કરવાની સમય મર્યાદાઃ-

- તા.૦૨-૦૮-૨૦૧૯ બાદ જન્મેલ દિકરીઓના કુટુંબીજનો દ્વારા દિકરી જન્મના એક વર્ષની સમય મર્યાદામાં નિયત નમૂનામાં આધાર પુરાવા સહિત અરજી કરવાની રહેશે.



## લાભાર્થીની પાત્રતા

- તા.૨-૮-૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- દંપતિની વધુમાં વધુ બે દિકરીઓને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
- દંપતિની પ્રથમ અને દ્વિતીય દિકરી બન્નેને લાભ મળવાપાત્ર થશે. પરંતુ દ્વિતીય દિકરી પછી દંપતિએ સંતતિ નિયમનનું ઓપરેશન કરાવેલું હોવું જોઈએ.
- પ્રથમ દિકરો અને બીજી દીકરી હોય તો બીજી દિકરીને સહાય મળવાપાત્ર થશે. પરંતુ દ્વિતીય દિકરી પછી દંપતિએ સંતતિ નિયમનનું ઓપરેશન કરાવેલું હોવું જોઈએ.
- પ્રથમ દિકરો અને બીજી બન્ને દિકરી (જોડીયા) કે તેથી વધુ એક સાથે જન્મવવાના અપવાદરૂપ કિસ્સામાં તમામ દિકરીઓને ‘વ્હાલી દિકરી યોજના’ નો લાભ મળવાપાત્ર થશે. પરંતુ દ્વિતીય દિકરી પછી દંપતિએ સંતતિ નિયમનનું ઓપરેશન કરાવેલું હોવું જોઈએ.
- દિકરીના જન્મ સમયે માતાની ઉંમર ૧૮ કે તેથી વધુ વર્ષ હોવી જોઈએ.



## વ્હાલી દિકરી યોજનામાં આવક મર્યાદા

- ‘વ્હાલી દિકરી યોજના’ અંતર્ગત લાભ મેળવવા માંગતા દંપતિની (પતિ-પત્નિની સંયુકત) વાર્ષિક આવક મર્યાદા ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે એક સમાન રૂા.૨,૦૦,૦૦૦- કે તેથી ઓછી હોવી જોઈએ. આવક મર્યાદાની પાત્રતા લાભાર્થીના જન્મના તરત આગળના ૩૧ મી માર્ચના રોજ પૂર્ણ થતા વર્ષના સંદર્ભમાં લક્ષમાં લેવાની રહેશે.

## મળવાપાત્ર લાભ :-

‘વ્હાલી દિકરી યોજના’ માં

### પ્રથમ હપ્તો

દિકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂા. ૪,૦૦૦/- મળવાપાત્ર થશે.

### બીજો હપ્તો

નવમા ધોરણમાં પ્રવેશ વખતે રૂા.૬,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

### છેલ્લો હપ્તો

૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ / લગ્ન સહાય તરીકે કુલ રૂા. ૧,૦૦,૦૦૦/- સહાય મળવાપાત્ર થશે. પરંતુ દિકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઈએ.



ઓરોવિલ પ્રિન્ટર્સ - ૨૫૦૧૬૧